
# કુદરતી ગર્ભપાત

**પ્રસ્તાવના :**





દરેક યુગલ ચાહતુ હોય છે, કે તેમને ત્યાં હસતું રમતું એક ખુશખુશાલ બાળક હોય અને તે માટે પતિ - પત્નિ આયોજન કરે છે.પરંતુ કોઈક વાર આ આયોજન નું પરિણામ આવે તે પહેલા જ યુગલને નિરાશા મળતી હોય છે.અને સગર્ભા પત્નીને ગર્ભપાત થઈ જાય છે.આ ખરેખર એક તકલિફદાયી પ્રક્રિયા છે. પરંતુ તેના વિષે વધુ જાણકારી મેળવવાથી કેટલાક અંશે નિરાશા ઓછી કરી શકાય છે.

સામાન્ય રીતે ગર્ભપાત શબ્દ સાંભળતાં થોડું ગભરાઈ જવાય, પરંતુ ગર્ભપાત એટલે કે પ્રસુતિ નિવારણ વિષે વૈજ્ઞાનિક જ્ઞાન અને તે અંગેના કાયદાની સમજ હોય તો તમે યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકશો. એટલું જ નહિ પરંતુ ખાનગી માં ચર્ચાતા આ સંવેદનશીલ વિષય પર તમે અનેક કુટુંબોને જીવનઉપયોગી માર્ગદર્શન અને સમજ આપી શકો છો.

**તો આવો આપણે તેનાં વિષે કેટલીક અગત્યની વાતો જાણીએ.**



- ગર્ભધારણના સાત મહિનાની અંદર જો કોઈ પણ સમયે ગર્ભ પડી જાય તો તેને કસુવાવડ કે ગર્ભપાત કહે છે.
- કસુવાવડ અર્થાત કુદરતી ગર્ભપાતનું પ્રમાણ સગર્ભાવસ્થાના શરૂઆતના ત્રણ માસમાં સૌથી વધુ હોય છે. કુદરતી ગર્ભપાતમાં બહાર આવતો ગર્ભ બરાબર વિકસેલો હોતો નથી.
- ઘણી સ્ત્રીઓને એક કરતાં વધારે વખત ગર્ભપાત થતો હોય છે.




- ઘણી વખત સ્ત્રીઓને ગર્ભપાત થયો હોવાનો ખ્યાલ આવતો નથી.સામાન્ય માસિક પર ચઢીને આવ્યુ હશે તેમ માનવામાં આવે છે, અને તેથી તેમાં લોહીના ગઠ્ઠા પડતાં હશે તેમ લાગે છે.
- કસુવાવડ પણ એક પ્રકારની પ્રસૂતિ જ છે તેમાં અલ્પવિકસિત ગર્ભ અને મેલી સંપૂર્ણ પણે બહાર આવી જવાં જોઈએ. કસુવાવડ કે કુદરતી ગર્ભપાત દરમયાન અતિશય લોહી વહી જાય તો તે માતા માટે ગંભીર નીવડી શકે છે.

**પ્રથમ ત્રણ માસમાં ગર્ભપાત થવાના કારણો**

- માતાને રહેલો ગર્ભ જો ખામીવાળો હોય તો કુદરતી રીતે જ ગર્ભપાત થાય છે.
- કુપોષણ અને લોહીની ફિકાશવાળી સ્ત્રીઓને ગર્ભપાત થઈ શકે છે.
- ગર્ભાવસ્થાના શરૂઆતના ત્રણ માસ દરમિયાન માતાને નૂર બીબી, મોતીઝરો, હર્પિસ કે કમળાનો ઝેરી વિષાણુઓનો ચેપ લાગુ પડે તો પણ ગર્ભપાત થઈ શકે છે.
- ગર્ભના આરોપણ અને વિકાસ માટે યોગ્ય વાતાવરણનો અભાવ હોય તો પણ ગર્ભપાત થઈ શકે છે.
- સગર્ભાવસ્થાની શરૂઆતમાં માતાને પેટ પર કોઈ ઈજા થઈ હોય કે ગર્ભમાંથી નિદાનનાં કારણસર પાણી કાઢવાં જતાં ગર્ભને ઈજા થઈ હોય કે માતાએ ભારે વજન ઊચકવાનું કામ કર્યુ હોય તો પણ ગર્ભપાત થઈ જાય છે.
- માનસિક તનાવને કારણે પણ ગર્ભપાત થઈ શકે છે.

**કુદરતી ગર્ભપાત પ્રથમ ત્રણ માસ પછી થવાનાં કારણોઃ**

- ગર્ભાશયની રચનામાં કોઈ ખામી હોય તો ગર્ભપાત થાય છે.
- ગર્ભાશયની અંદર આડો પડદો હોય છે આનાથી ગર્ભાશય બે ભાગમાં વહેંચાઈ જાય છે અને ગર્ભને વિકસવા માટે જગા મળતી નથી એટલે ગર્ભપાત થાય છે.
- ગર્ભાશયના મુખના સ્નાયુઓ ઢીલાં હોય તો ગર્ભાશય ખુલી જાય છે, અને અંદરનો ગર્ભ ખુલ્લા મુખમાંથી પડી જાય છે.
- કોઈ પણ બિમારીના કારણસર દવાઓ લેવામાં આવે તો દવાઓની આડઅસરથી ઘણીવાર ગર્ભપાત થઈ જાય છે.
- ઘણીવાર ગર્ભાશયને બદલે ગર્ભ ગર્ભનળીમાં વિકાસ પામતો હોય છે.

**શરૂઆતમાં ત્રણ માસમાં ગર્ભપાત થતો હોય તો તે ખામીયુકત ગર્ભને કારણે હોય છે.**
**બે-ત્રણ માસના ગાળા પછી થતો ગર્ભપાત ગર્ભાશયની કોઈ ખામી કે માતાની કોઈ બીમારી ને લીધે હોય છે.**

## કુદરતી ગર્ભપાત પછી માતાની સંભાળ

**કુદરતી ગર્ભપાત બાદ માતાની સંભાળ રાખવી ,શારીરિક , માનસિક તેમજ તબીબી દ્રષ્ટિએ ખૂબજ જરૂરી છે.**

- માતાએ સંપૂર્ણ આરામ કરવો જોઈએ.
- દુઃખાવામાં રાહત મેળવવા માટે ડોકટરનો સંપર્ક કરવો.
- પૌષ્ટિક ખોરાક આપવો - પ્રવાહી વધારે પ્રમાણમાં આપવું.
- ધનુર વિરોધ રસી અચૂક મૂકાવવી.
- ગર્ભપાત થવાથી માતાને આઘાત લાગે છે. તો માતાને હૈયાધારણ આપી હતાશા દૂર કરવા પ્રયત્ન કરવો.

- કેટલીક સ્ત્રીઓને ભય પેદા થાય છે કે એક વખત કસુવાવડ થવાથી ભવિષ્યમાં પણ એવુ જોખમ રહેશે તો તેમને સમજાવવી.

**કસુવાવડ વિશે પ્રચલિત માન્યતાઓઃ**






- રીંગણ, ગોળ, મરચું, બાજરી, પાપડી કે કાળી ચા ગરમ પડે છે.
- ધોમધખતાં તડકામાં લાંબો સમય કામ કરવાથી કે વાદળાં હોય ત્યારે વધુ કામ કરવાથી કસુવાવડ થઈ જાય છે.
- કોઈ વાંજણી સ્ત્રીની નજર લાગવાથી, મેલી વિદ્યાથી, વળગાડથી કે દેવ-દેવીઓના કોપથી પણ કસુવાવડ થાય છે.
- એકથી વધારે પુરુષ સાથે જાતીય સંબંધથી રોગ થાય છે અને કસુવાવડ થાય છે.

## ઉપર જણાવેલી માન્યતાઓ ઘણીજ પ્રચલીત છે પરંતુ વૈજ્ઞાનિક રીતે સાચી નથી.

**કસુવાવડ અટકાયતી ઉપાયઃ**

- સર્ગભા સ્ત્રીએ વધારે પડતુ કામ કરવું જોઈએ નહીં.
- ભારે વજન ઊંચકવું નહીં અને પેટ પર વજન આવે તેવું કામ કરવું નહીં.
- પેટ પર ઈજા ન થાય તેની કાળજી લેવી.
- પૂરતો આરામ કરવો.
- ડોકટરની સલાહ વગર કોઈ દવા લેવી નહીં.
- જે સ્ત્રીની અંદર ગર્ભાશયનું મુખ ઢીલું રહેતુ હોય તેણે ગર્ભધરણ થયા પછી યોગ્ય સમયે ડોકટર પાસે જઈને તેના ઉપર ટાંકા લેવડાવવાની જરૂર પડે છે.

## અસુરક્ષિત ગર્ભપાત અને તેના જોખમોઃ

અસુરક્ષિત ગર્ભપાત એટલે શું ?

**જંતુરહિત કર્યા વિના અસ્વચ્છ સાધનો અને અવૈજ્ઞાનીક ઢબે કરવામાં આવતો ગર્ભનિકાલ.**

**ગર્ભપાત ગેરકાયદેસર અને અસુરક્ષીત કયા સંજોગોમાં કહેવાય છે ?**

- બિનતાલીમી અને બિનરજીસ્ટર ડોકટર દ્વારા કરવામાં આવેલ ગર્ભપાત.
- તાલીમી દાયણ કે બિનતાલીમી દાયણ, ઊંટવૈદ્ય, કમ્પાઉન્ડર, નર્સ દ્વારા અથવા પોતાની જાતે કાટ ચડેલાં સાધનોથી કરવામાં આવેલ હોય.
- અસ્વચ્છ વાતાવરણમાં કરેલ હોય.
- તાલીમી ડોકટર દ્વારા પણ ગર્ભ રહયાનાં ૨૦ અઠવાડિયા પછી.

**અસુરક્ષિત ગર્ભપાતનું પરિણામ**

- આ પધ્ધતિઓ જોખમી છે.
- મહિલાને ગંભીર ચેપ લાગી શકે છે.
- અતિશય લોહી વહી જાય છે.
- ગર્ભાશયમાં ઈજાઓ થઈ શકે છે.
- પરિણામે કયારેક ભવિષ્યમાં ગર્ભધાન માટેની ક્ષમતા ગુમાવી શકે છે.

**અસુરક્ષિત ગર્ભપાતને કારણે ભારતમાં અંદાજે દર વર્ષે૧૦ થી ૧૫ હજાર બહેનોનાં મૃત્યુ થાય છે.**

**પ્રસૂતિ નિવારણ એટલે શું?**

- પ્રસૂતિ નિવારણ એટલે સગર્ભાવસ્થાના ૨૦ અઠવાડિયાં પૂરાં થતા પહેલાં સગર્ભાવસ્થામાંથી માતાની મુકિત - સલામત ગર્ભપાત.
- જેને માટે MTP ( મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી ) તબીબી પ્રસૂતિ નિવારણ ધારો સન ૧૯૭૧ માં માન્યતામા આવેલો છે.

- **જે સ્ત્રીનો હક છે - અધિકાર છે.**
- **આ સરકાર માન્ય MTP કેન્દ્રોમાં મફત થાય છે.**
- **જેને ખાનગી રાખવામાં આવે છે.**
- **આ સલામત છે અને માન્ય કેન્દ્રોને જ માન્ય ગણે છે.**
- **આ કાયદેસર છે.**

**આ તબીબી પ્રસૂતિ નિવારણ ધારા મુજબ નીચેના સંજોગોમાં ગર્ભપાત કરાવી શકાય.**

- ગર્ભધાન અટકાવવાના આશયથી અપનાવેલ કુટુંબનિયોજન પદ્ધતિ નિષ્ફળ જાય.
- સગર્ભા સ્ત્રીના જીવનનું જોખમ હોય.
- પ્રસૂતિ થવાથી સ્ત્રીને ગંભીર શારીરિક કે માનસિક ઈજા થવાની શકયતા હોય.
- તબીબી અભિપ્રાય મુજબ જન્મનાર બાળકને ખોડખાંપણ રહેવાની શકયતા હોય.
- બળાત્કારના પરિણામે ગર્ભધાન થયું હોય.
- સામાજિક અને વાતાવરણીય કારણોસર.

**સગર્ભાવસ્થા દરમ્યાન કયા સમયે ગર્ભપાત કરાવવો જોઈએ?**

- ગર્ભપાત કરાવવા ઈચ્છતી સ્ત્રીઓએ સગર્ભાવસ્થાના પ્રથમ ૧૨ અઠવાડિયાં દરમ્યાન જ માન્ય તબીબ પાસે / હોસ્પીટલમાં જ સલામત ગર્ભપાત કરાવવા માટે જવું જોઈએ.
- બારથી વીસ અઠવાડિયાંના સમયગાળા દરમ્યાન ગર્ભનિવારણ થઈ શકે છે પરંતુ તેમાં વધારે તકલીફ પડે છે અને બે ડૉકટરોના અભિપ્રાયની જરૂર હોય છે.

**તબીબી પ્રસૂતિ નિવારણ કયારે ન થઈ શકે?**

- સગર્ભાવસ્થાના પ્રથમ ૧૨ અઠવાડિયાં થઈ ગયા બાદ કાયદા મુજબ પ્રસૂતિ નિવારણ (ગર્ભપાત) કરવાની છૂટ આપવામાં આવી નથી.
- અઢાર વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રીને પ્રસૂતિ નિવારણ (ગર્ભપાત) કરાવતાં પહેલાં વાલીની લેખિત સંમતિ લેવી જરૂરી છે.